શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-જૂનાગઢ

International Year of Cooperatives 2025

# કિસાન જ્યોત

## ખેડૂત માર્ગદર્શીકા

### હવામાન આગાહી આધારીત જૂનાગઢ જીલ્લાના ખેડૂતો માટે કૃષિ વિષયક માહિતી

| હવામાન પરિબળો | હવામાન આગાહી આગામી પાંચ દિવસ (તારીખ :- 12 થી 16 નવેમ્બર, 2025) | | | | |
|---|---|---|---|---|---|
| તારીખ | ૧૨/૧૧ | ૧૩/૧૧ | ૧૪/૧૧ | ૧૫/૧૧ | ૧૬/૧૧ |
| વરસાદ (મિમી) | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| મહત્તમ તાપમાન (સે.ગ્રે) | ૩૨ | ૩૨ | ૩૩ | ૩૩ | ૩૨ |
| લઘુત્તમ તાપમાન (સે.ગ્રે) | ૧૬ | ૧૬ | ૧૬ | ૧૫ | ૧૫ |
| વાદળની સ્થિતિ | ચોખ્ખું | ચોખ્ખું | ચોખ્ખું | ચોખ્ખું | ચોખ્ખું |
| સવારના ભેજના ટકા | ૭૦ | ૭૦ | ૭૦ | ૬૫ | ૫૫ |
| બપોર બાદના ભેજના ટકા | ૩૦ | ૩૦ | ૨૫ | ૨૦ | ૨૫ |
| પવનની ગતિ (કિમી-કલાક) | ૮ | ૭ | ૧૦ | ૧૦ | ૯ |
| પવન દિશા | ૧૦ | ૪૩ | ૪૧ | ૪૮ | ૫૧ |

## હવામાન આધારિત માહિતી

ભારત સરકારશ્રી ના હવામાન વિભાગ તરફથી મળેલ હવામાન આગાહીની માહિતી અનુસાર જૂનાગઢ કૃષી યુનીવર્સીટી, જૂનાગઢ તરફથી જણાવવામાં આવે છે કે દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારના જૂનાગઢ જીલ્લામાં આગામી તારીખ **૧૨** થી **૧૬** નવેમ્બર દરમ્યાન આકાશ ચોખ્ખું રહેશે, જીલ્લામાં આગામી પાંચ દિવસ દરમ્યાન વરસાદની શક્યતાઓ નથી. પવનની ઝડપ **૭** થી **૧૦** કિમી પ્રતિ કલાક રહેવાની શક્યતાઓ રહેશે. આ સમયગાળામાં મહત્તમ તાપમાન **૩૨-૩૩** ડીગ્રી સેન્ટીગ્રેડ રહેશે તેમજ લઘુત્તમ તાપમાન **૧૫-૧૬** ડીગ્રી સેન્ટીગ્રેડ રહેવાની સંભાવનાઓ છે

# સાવચેતીના પગલા



- પાક પર જીવાત અને રોગો માટે સતત નિરીક્ષણ કરવું જોઈએ. ખેડૂતોને જંતુનાશકનો ઉપયોગ અને પાક સંબંધિત અન્ય માહિતી માટે નજીકના કૃષિ વિજ્ઞાન કેન્દ્રની સલાહ લેવી જોઈએ.
- પાકમાં ફૂગનાશક, રોગનાશક, કીટનાશક અને ખાતર આપવાની કામગીરી કરવી
- ચોમાસું પાકોની પરિપક્વ અવસ્થાએ કાપણી અને લણણીની કામગીરી કરવી
- આગામી શિયાળું પાકોના વાવેતર માટે ખેત આયોજન કરવુ તે મુજબ બીયારણ, ખાતર અને દવાનો પુરવઠો મેળવી લેવો.
- કમ્પોસ્ટ, દેશી ખાતર અને જીપ્સમ ભલામણ મુજબ ચાસમાં ભરવા
- ચોખ્ખાં હવામાન સમયગાળા દરમિયાન જે વિસ્તારમાં મગફળી તેમજ અન્ય ખરીફ પાકોની કાપણી કરવામાં આવેલ છે ત્યાં સમયસર થ્રેશીંગ કરીને ઉત્પાદનને સલામત જગ્યાએ સંગ્રહવાની વ્યવસ્થા કરવી

**શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-જૂનાગઢ ના દૈનિક ભાવ તેમજ માહિતી રોજેરોજ મેળવવા માટે નીચે આપેલ લોગો ઉપર ક્લીક કરી અમારા એકાઉન્ટ ને ફોલો કરો**

| પાકનું નામ | પાક અવસ્થા | રોગ, જીવાત જાત | કૃષિ સલાહ |
| --- | --- | --- | --- |
| ચોમાસું મગફળી | ડોડવા પરિપક્વ | | ➤ દેહધાર્મિક પરિપક્વ અવસ્થાએ કાપણીની કામગીરી કરવી |
| ઘંઉ | જમીન તૈયારી વાવેતર | ઉધઈ | ➤ ઘંઉના વાવેતર માટે ખેત આયોજન કરવુ મુજબ બીયારણ, ખાતર અને દવાનો પુરવઠો મેળવી લેવોઅને પીયતની સગવડને ધ્યાનમાં લઈ પાકનુ વાવેતર કરવુ<br>➤ ઉધઈનો ઉપદ્રવ ઘટાડવા અગાઉના પાકના અવશેષો, પાંદડાં, મૂળ, ડાળીઓનો નાશ કરવો<br>➤ સારુ કહોવાયેલુ છાણિયું ખાતર વાપરવું. ખાતર તરીકે દિવેલા, લીંબોળી, કરંજ વગેરેના ખોળનો ઉપયોગ કરવો<br>➤ ઘંઉના પાક માટે બીયારણનો જથ્થો ૧૦૦ થી ૧૨૫ કી.ગ્રા પ્રતિ હેક્ટર અને વાવેતર સમયે પાયામાં રાસાયણીક ખાતર ૧૩૦ કીગ્રા. ડીએપી અને ૧૦૫ કી.ગ્રા. યુરીયા પ્રતિ હેક્ટર આપવુ<br>➤ ૧૦૦ કિ.ગ્રા. બિયારણ દીઠ બાયફેન્થ્રીન ૧૦ ઈસી ૨૦૦ મિ.લિ. અથવા ફીપ્રોનીલ ૫ એસસી ૬૦૦ મિ.લિ. અથવા ક્લોરપાયરીફોસ ૨૦ ઈસી ૪૦૦ મિ.લિ. ૫ લિટર પાણીમાં મિશ્રણ કરી પટ આપવો |
| કપાસ | ફૂલ જીંડવા આવવા વિકાસ | ગુલાબી ઈયળ લીલા તડતડીયા પાનના ટપકા | ➤ પાકને જરૂરિયાત મુજબ પિયત આપવાની કામગીરી કરવી<br>➤ ફૂલ અવસ્થાથી ગુલાબી ઈયળની મોજણીની શરૂઆત કરવી. જો છોડ પર બંધ પાંખડીવાળા ફૂલ જોવા મળે તો એને વીણી લઇ તેનો નાશ કરવો<br>➤ એક એકર વિસ્તાર માંથી ૨૦ લીલા જીંડવા તોડી ગુલાબી ઈયળની ક્ષમ્યમાત્રાની ચકાસણી કરવી<br>➤ ગુલાબી ઈયળની ક્ષમ્યમાત્રા, ૧૦% નુકશાન કરેલ ફૂલ અથવા ૧૦% નુકશાન કરેલ જીંડવા અથવા ૮ નર ફૂદા પકડાયેલા/ટ્રેપ/રાત્રી સતત ૩ દિવસ માટે છે<br>➤ જો ગુલાબી ઈયળ ક્ષમ્યમાત્રા વટાવે તો, થાયોડીકાર્બ ૭૫ ડબ્લ્યુ. પી. ૨૦ ગ્રામ અથવા ક્વીનાલફોસ ૨૦ એ. ફ. ૨૦ મી.લી./૧૦ લીટર પાણીમાં ભેળવી પાક પર છંટકાવ કરવો<br>➤ બર્ડ પર્સીસ ગોઠવવા<br>➤ ખરેલા ફૂલ, ચાંપવા અને જીંડવાને એકત્રિત કરી નાશ કરવો |

| પાકનું નામ | પાક અવસ્થા | રોગ, જીવાત જાત | કૃષિ સલાહ |
|---|---|---|---|
| સોયાબીન | શીંગ પરિપક્વ | | ➤ દેહ ધાર્મિક પરિપક્વ અવસ્થાએ કાપણી ની કામગીરી કરવી |
| ચણા | જમીન તૈયારી વાવેતર | સુકારો અને મૂળનો સડો | ➤ ચણાના વાવેતર માટે ખેત આયોજન કરવુ તે મુજબ બીયારણ, ખાતર અને દવાનો પુરવઠો મેળવી લેવો અને પીયતની સગવડને ધ્યાનમાં લઈ પાકનુ વાવેતર કરવુ<br>➤ જમીનની ઊંડી ખેડ કરી રોગીષ્ટ છોડ અથવા આગલા પાકના ના અવશેષોનો નાશ કરવો<br>➤ ચણાના પાક માટે બીયારણનો જથ્થો ૬૦ થી ૭૫ કી.ગ્રા પ્રતિ હેક્ટર અને પાયામા રાસાયણીક ખાતર ૮૭ કીગ્રા. ડીએપી અને ૧૦ કી.ગ્રા. યુરીયા પ્રતિ હેક્ટર આપવુ<br>➤ બીજ માવજત તરીકે કાર્બેન્ડાઝીમ ૧ ગ્રામ + થાયરમ ૨ ગ્રામ પ્રતિ કિ.ગ્રા. બીજ દીઠ પટ આપવો<br>➤ ટ્રાયકોડર્મા વિરડી ૨.૫ કિ.ગ્રા.ને ૨૫૦ કિ.ગ્રા. છાણીયા ખાતર અથવા એરંડી ખોળમાં ભેળવી વાવણી વખતે ચાસમાં આપવું |
| ધાણા | જમીન તૈયારી વાવેતર | જમીન જન્ય રોગ સુકારો | ➤ ધાણાના વાવેતર માટે ખેત આયોજન કરવુ તે મુજબ બીયારણ, ખાતર અને દવાનો પુરવઠો મેળવી લેવો અને પીયતની સગવડને ધ્યાનમાં લઈ પાકનુ વાવેતર કરવુ<br>➤ ધાણાના પાક માટે બીયારણનો જથ્થો ૧૫ થી ૨૦ કી.ગ્રા પ્રતિ હેક્ટર વાવેતર સમયે ૨.૦ ગ્રામ પ્રતિ કીગ્રા. બીજને થાઈરમ અથવા કારબેનડાઝીમનો પટ આપવો અને વાવેતર સમયે પાયામા રાસાયણીક ખાતર ૬૨.૫ કીગ્રા. એસ.એસ.પી અને ૪૩.૫ કી.ગ્રા. યુરીયા પ્રતિ હેક્ટર આપવુ<br>➤ રોગ પ્રતિકારક જાતોનુ વાવેતર કરવું<br>➤ વધારે પડતું પાણી આપવું નહિ<br>➤ ૬ કિલો ટ્રાઇકોડર્માને ૫૦૦ કિલો છાણીયા ખાતર/ હે. મુજબ ભેળવી વાવેતર સમયે જમીનમાં આપવું |

| પાકનું નામ | પાક અવસ્થા | રોગ, જીવાત જાત | કૃષિ સલાહ |
|---|---|---|---|
| તુવેર | વૃદ્ધિ | શીંગોને કોરી ખાનાર અને ચુસીયા જીવાત | ➤ લીલી ઇયળના નિયંત્રણ માટે ગલગોટાનો પિંજર પાક તેમજ આંતર પાક તરીકે ઉપયોગ કરી શકાય કે જેના ફૂલો જીવાતની માદાને તેના પર ઈંડા મુકવા માટે આકર્ષે છે આવા ફૂલોને ચુંટીને નાશ કરવો<br>➤ ઈંડાનો અને નાની ઇયળોને એકત્રિત કરી નાશ કરવો<br>➤ પીળા ચીકણા પીંજરનો ૪-૫ ટ્રેપ/એકર મુજબ ઉપયોગ કરવો<br>➤ પ્રકાશ પીંજરનો ૧/એકર મુજબ ઉપયોગ કરવો<br>➤ પુખ્ત જીવાતોની મોજણી માટે ૪-૫ ફેરોમોન ટ્રેપ/એકર મુકવા જોઈએ (લ્યુર દર ૨ થી ૩ અઠવાડિયે બદલવી<br>➤ પરભક્ષી પક્ષીઓ માટે બર્ડ પર્સીસ ૨૦/એકર મુજબ મુકવા<br>➤ પાકને જરૂરિયાત મુજબ પિયત આપવાની કામગીરી કરવી |
| શાકભાજી | વૃદ્ધિ<br>ફૂલ<br>ફળ | | ➤ શાકભાજીના પાકોને નીદામણ મુકત કરવુ. શાકભાજી ને સમયસર ઉતારી ગ્રેડીંગ કરી બજારમાં મુકવા<br>➤ શાકભાજીના પાકોને નીદામણ મુકત કરવુ. શાકભાજી ને સમયસર ઉતારી ગ્રેડીંગ કરી બજારમાં મુકવા<br>➤ આગાહી સમયગાળા દરમિયાન ખેતર પરનાં બધાં ખેતકાર્યો કરવા |
| પશુપાલન | | | ➤ પશુઓને યોગ્ય આહાર આપવો પીવા માટે ચોખ્ખુંપાણી આપવું અને પશુઓના રહેઠાણ ચોખ્ખા રાખવા<br>➤ માખી મચ્છરથી રક્ષણ માટે ફીનાઈલ છાટવું<br>➤ પશુઓને યોગ્ય આહારમાં ખનિજયુક્ત મિશ્રણ સાથે સંગ્રહિત ચારા આપો. ચારા ને સલામત સ્થળે સંગ્રહિત કરવો જોઈએ<br>➤ ચારા માટે ચાફ કટર વાપરો<br>➤ પશુઓમાં ઇતરડીના નિયંત્રણ માટે ડેલ્ટામેથ્રીન અથવા એમીટાઝ ૨ મીલી/ ૧ લીટર પાણીમાં નાખીને છાટવી<br>➤ દુધાળા પશુઓના આઉને ઝીંક ઓક્સાઇડ અથલા બોરીક પાવડરથી બરાબર સાફ કરવા |